SANDESH SURAT THURSDAY, 29•12•2016

# મોજશોખ માટે મોબાઈલ સ્નેચિંગ કરનારા ૩ લવરમૂછિયા ઝડપાયા

સુરત, તા. ૨૮

મોજશોખ પૂરો કરવા માટે પૈસા મેળવવાના ઈરાદે મોબાઈલ સ્નેચિંગ કરનારા ત્રણ લવરમૂછિયાઓને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. મોટર સાઈકલ ઉપર રિંગરોડ અને તેમાંય માર્કેટ એરિયામાં ફરતાં રહીને ઝૂંટવી લેવાયેલા ૧૨ મોબાઈલ ફોન પોલીસે કબજે લીધા છે.

ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર સબ ઈન્સ્પેકટર કે. કે. ગોહીલ તેમની ટીમ સાથે રિંગરોડ ઉપર પેટ્રોલિંગમાં હતાં. આ દરમિયાન મળેલી બાતમીના આધારે રૂપમ સિનેમા પાસેથી ત્રણ લવરમૂછિયાઓને ઝડપી લીધા હતાં. (જીજે ૦૫ એમક્યુ ૨૦૮૭) નંબરની બજાજ એવેન્જર બાઈક ઉપર ફરતાં ઝડપાયેલા ઈસ્માઈલ ઉર્ફે ઈસ્માઈલ મોજ, સિકંદર શેખ અને શેફાઝ મુલતાની પાસેથી જુદી જુદી કંપનીના ૧૨ મોબાઈલ ફોન મળી આવ્યા હતાં.

૪૯,૫૦૦ કિંમતના મોબાઈલ અંગે કરાયેલી પૂછપરછમાં આ ત્રણ લવરમૂછિયા સ્નેચર્સ હોવાનું બહાર આવ્યું હતું. તેઓ અવેન્જર મોટર સાઈકલ ઉપર રિંગરોડ ઉપર ફરતાં રહી રાહદારીના હાથમાંથી મોબાઈલ ફોન ઝૂંટવી લેતાં હતાં. હરવા ફરવાનો મોજશોખ પૂરો કરવા માટે તેઓ મોબાઈલ સ્નેચિંગના રવાડે ચઢ્યા હોવાનું પોલીસની તપાસમાં બહાર આવ્યું છે.